
# 2 ખીજડિયે ટેકરે



**ચુનીલાલ મડિયા**

**(જન્મ : ઈ. સ. 1922; અવસાન : 1968)**

ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ રાજકોટ જિલ્લામાં આવેલા ધોરાજીમાં થયો હતો. તેઓ 1939માં મૅટ્રિક અને 1945માં મુંબઈની સિડનહામ કૉલેજમાંથી બી.કૉમ. થઈ મુંબઈથી પ્રકાશિત થતા 'જન્મભૂમિ' દૈનિકમાં જોડાયા. બાર વર્ષ જેટલો સમય મુંબઈમાં આવેલી USISના ગુજરાતી વિભાગમાં કામ કર્યું. તેમણે નવલકથા, નવલિકા, નાટક, વિવેચન તેમજ કાવ્યક્ષેત્રે ખેડાણ કર્યું છે. 'વ્યાજનો વારસ', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી ભાગ 1/2', 'સધરા જેસંગનો સાળો' વગેરે નવલકથાઓ; 'ઘૂઘવતાં પૂર', 'શરણાઈના સૂર', 'અંતઃસ્રોતા' વગેરે વાર્તાસંગ્રહો, 'રંગદા', 'શૂન્યશેષ', 'રામલો રોબિનહૂડ' વગેરે એકાંકી અને ત્રિઅંકી નાટ્યસંગ્રહો આપ્યાં છે. તેમણે 'ચોપાટીને બાંકડે'થી હળવી શૈલીના નિબંધો, 'વાર્તાવિમર્શ', 'શાહમૃગ-સુવર્ણમૃગ' વગેરે વિવેચનસંગ્રહો આપ્યા છે. તેઓ રણજિતરામ સુવર્ણચંદ્રક તથા નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત થયા છે.

જીવનની કારમી ગરીબાઈ વચ્ચે ધબકતા પિતૃહૃદયી ભોજાની હૃદયદ્રાવક મનઃસ્થિતિ સૌ કોઈ ભાવકનું કાળજું વીંધી નાખે તેવી કરુણ છે. ભૂખ ભૂંડી છે અને ગરીબાઈ વસમી છે. એ શું કરે કે શું કરાવે છે એ આ નવલિકાનો વર્ણ્ય વિષય છે. કહેવાતા મૃત બાળકનું રેશમી વસ્ત્ર લેવા ભોજો ઠંડીમાં ઉઘાડા શરીરે ઝઝૂમે છે. સમાજજીવનની આ વરવી વાસ્તવિકતા ભોજાનાં કાળાં કરતૂતો ભુલાવીને તેના પરિવાર જોડે સહૃદયતાનો તંતુ સાંધે છે. ભોજાના ભયની સામે માસ્તર પરિવારનું અમીભરેલું અભયવચન વાર્તાનો સુખાંત સર્જી સર્જકની કલ્પનાતીત સફળતાનો પરિચય કરાવે છે. ભોજાની લાચારી-દીનતા સામે માસ્તર દંપતીની ઉદારતા સદૈવ સ્મરણીય બની રહેશે.

---

હીરણના હેઠવાસના પટમાં ખીજડિયા ટેકરાની નજીક ભોજા કાળુએ દર વર્ષના રાબેતા મુજબ તડબૂચનો વાડો ઊભો કર્યો હતો. આડે દિવસે તો ભોજાનું કુટુંબ નદીના ખુલ્લા પટમાં પડ્યું રહેતું પણ ઓણ શિયાળે રીંગણી બાળી નાખે અને ગોળાનાં પાણી થીજવી દે એવી ટાઢ પડવા માંડી ત્યારે ભોજો ગીરની અંદર જઈને ત્રણ વાર  તલબાવળ કાપી આવ્યો અને જીવલીએ વગડો ફરીફરીને સૂકી સાંઠીઓની ભારીઓ ભેગી કરી; ચાર દિવસમાં તો ધણી-ધણિયાણીએ મળીને ચાર છોકરાં ને ચૂલો સમાઈ શકે એવડો કૂબો વાડા વચ્ચે જ ઊભો કરી દીધો.

છતાં ભોજાને લાગતું હતું કે દર વર્ષ કરતાં આ વખતે ટાઢ મારા પર વેર વાળવા આ વાડા ઉપર જ વધારે પ્રમાણમાં ખાબકી છે. એક તો હીરણની પાટનાં ટાઢાંબોળ પાણી અને વધારામાં પોષ મહિનાનો હિમ જેવો વાયરો. આ હિમવર્ષા વચ્ચે ભોજો સાવ ઉઘાડે ડિલે ઊભોઊભો વાડાનું ટોયામણ કરતો. એને પહેરવા કડિયું તો આજ કેટલાય સમયથી સાંપડતું નહોતું. વરસો જૂની ચોરણી હતી એના ઉપર ગોદડાં જેટલાં ઉપરાઉપરી થીગડાં ચોંટી ચૂક્યાં હતાં અને હવે એ થીગડાંઓ પણ ઘસાતાં ઘસાતાં ચાળણી બનેલું એ થેપાડું એટલું તો જીર્ણ થઈ ગયું હતું કે હવે એનો વધારે જીર્ણોદ્ધાર શક્ય જ નહોતો.

ટાઢ જીરવવી એ ભોજાને માટે નવી નહોતી. ભૂતકાળમાં પોતે જ્યારે સીમચોરીઓને રવાડે ચડેલો ત્યારે કાજળ ઘૂંટ્યું હોય એવી કાળીડિબાંગ રાતે એ કાજળ-રંગ જોડે, પોતાના સીસમ-વરણા શરીરનો સુમેળ સાધવા તે કડકડતી ટાઢમાં પણ ઊભા મોલમાંથી ભારીઓ બાંધી જતો, છતાં હવે અવસ્થા થઈ હતી અને જુવાનીના ચડતા લોહીને અભાવે સહનશક્તિ પણ ઘટી હતી, તેથી હીરણના ઉપરવાસથી સૂસવતા વીંછીના ડંખ જેવા ઠંડા વાયરા કવચિત્ ભોજાનાં જડબાંની ડાકલી બજાવી જતા ખરા; પણ પોતાની બત્રીસી દાંતિયાં કરડે એ સામે ભોજાને એટલો રંજ નહોતો, જેટલો રંજ એને ટાઢમાં કપડાંને અભાવે ઠૂઠવાતાં નાગાંપૂગાં બાળકોનો હતો.

ટોયામણ કરતો કરતો ભોજો કવચિત્ ટેકરા પાછળ લપાઈને બેઠેલા ગામમાં આવેલી કાપડની દુકાન પર પોતાનાં મનઃચક્ષુ માંડતો અને દુકાનની અંદર ઘોડાઓ પર ખડકાયેલી કાપડની થપ્પીઓ પોતાની ચોર-નજરે નોંધી લેતો. 'માધવજી કાપડિયો ગજના ગજ ભરે પણ મારા જેવા સારુ કટકી લૂગડું પણ ફાડે નહિ!' ભોજા જેવો ભડ માણસ પણ મણએકનો નિસાસો મૂકતો અને તરત એનામાં રહેલો ભૂતકાલીન ભોજિયો ધાડપાડુ સળવળી ઊઠતો. 'માધિયાની હાટના ઉંબરામાં એક ગણેશિયો

ભરાવું ઈ ભેગાં જ એનાં ખોખરાં કમાડ ભટાક કરતાં ઊઘડી પડે ને ખભે ઉપાડી શકાય એટલું કાપડ ઉપાડીને કૂબા ભેળું કરી દઉં...'

પણ આ ચિત્રની સાથેસાથ જ બીજું એક ચિત્ર પરાણે આવી ઊભતું હતું : ગામના 'શકમંદ શખ્સો'ની યાદી ઉપરથી કૂબાનો સગડ કાઢીને પસાયતાઓ ભોજાને ઢોરમાર મારી રહ્યા છે... ગુનાની પરાણે કબૂલાત કરાવવા, પોતાને ઝાડની ડાળે ટાંગીને નીચે તાપ કર્યો છે. મુદ્દામાલનો પત્તો મેળવવા કાપડ ક્યાં દાટ્યું છે એ સ્થળ બતાવવા, હાથ-પગ બાંધી, રણગોવાળિયો બનાવીને ઉપર લાકડીઓની તડાપીટ બોલે છે.

'ના, ના હવે આ ઊતરતી અવસ્થાએ આવા ઢોર-માર મારાથી નહિ વેઠાય.' ભોજાએ આ જોખમ વહોરવાનું માંડી વાળ્યું.

આવાં જોખમ ખેડવાની આવશ્યકતા જ ન રહે એવો સુભગ સંયોગ ભોજા સમક્ષ આવી ઊભો.

ખીજડિયા ટેકરાનો ઉપયોગ નાનાં મૃત બાળકોને દાટવા માટે થતો હતો. એની જમીન બહુ કઠણ નહોતી તેથી સાદી નાનકડી કોશ વડે પણ એનું ખોદકામ એકલે હાથે થઈ શકતું.

ગામના પોસ્ટ-માસ્તરને ત્યાં આજે સાંજને સમયે છોકરો અવતરેલો. કોઈ કહેતું હતું કે છોકરો મરેલો જ જન્મ્યો હતો, કોઈ કહેતું કે એ જન્મ્યા પછી મરી ગયો. ઉપરાઉપર પુત્રીઓ જ પામનાર પોસ્ટ-માસ્તરને ઘેર વર્ષો પછી પુત્ર અવતર્યો, પણ નસીબમાં ન સમાયો તેથી તેમને ભારે આઘાત લાગ્યો. આ હતભાગીને ઘેર અવતરીને કશું સુખ ન પામનાર એ બાલુડા પાછળ માસ્તરે સારું દાન-પુણ્ય પણ કરી નાખ્યું. માધવજીના હાટેથી ઊંચામાં ઊંચી જાતનું રેશમી કાપડ વેતરાવીને મૃત બાળકને સારી પેઠે વીંટાળ્યું.

અને અધમણ મીઠાની ગાંસડી બાંધીને ચાર સંબંધીઓ જોડે માસ્તર ખીજડિયે ટેકરે ચાલ્યા.

ઉઘાડે ડિલે ઠંડીમાં થરથરતો, માધા કાપડિયાની દુકાન ફાડવાનો વિચાર કરતો અને પકડાઈ જવાની બીકે પોલીસના મારથી કાંપતો ભોજો તડબૂચની વચ્ચે ચાડિયાની જેમ ઊભો હતો. એ જ વખતે પોસ્ટ-માસ્તરના પુત્રના દફન માટે લોક ખીજડિયે ટેકરે આવી પહોંચ્યા.

બાળકના મૃતદેહ પર સાત-આઠ પડમાં વીંટાળેલ મહામૂલું વસ્ત્ર ભોજા જેવા જ અવસ્ત્રાની નજરે પડ્યા વિના રહે એમ નહોતું.

બાળકને ઠીકઠીક ઊંડાણમાં દાટી, માથે મીઠું ભભરાવી, ઉપર પૂર્વવત્ પથ્થરો અને ધૂળ વેરીને સૌ રસ્તે પડ્યા પછી ભોજાના માનસમાં એક નવો જ પ્રકાશ ઝબકી ઊઠ્યો : અરે, લૂગડાં તો ગાંસડા મોઢે આ ટેકરાના પેટમાં દટાણાં છે... મારી છાતી સામે જ... હાથ અજમાવું એટલી જ વાર... હાથફેરો જ કરવાનો...

હાથફેરો કરવો કે ન કરવો એના સરવાળા-બાદબાકી કરવાની ભોજાને આદત નહોતી. ડેન્માર્કના રાજકુંવર જેવી દ્વિધા-વૃત્તિ આ માણસે કદી કેળવી નહોતી. એક ઘા ને બે કટકા કરવાનું જ એનું જીવનસૂત્ર હતું.

રાતે સીમની અવરજવર બંધ થઈ ગઈ અને સોપો પડી ગયો ત્યારે ભોજાએ એ જીવનસૂત્ર અમલમાં મૂક્યું. કૂબામાંથી કોદાળી અને પાવડો લઈને એ સડસડાટ ટેકરા ઉપર ચડી ગયો.

ખાતર પાડવાના લાંબા મહાવરાને પરિણામે સિફતપૂર્વક ખોદકામ કરવાનું તો ભોજા માટે સાવ સહેલું હતું. કપડું જરા પણ ફાટ્યાતૂટ્યા કે ખરડાયા વિના સરકાવી લેવા ખાતર એ ભારે સાવચેતીથી આ બાળકની કબર ખોદી રહ્યો હતો. વળી, પથ્થર જોડે કોદાળીનું પાનું અથડાવાનો અવાજ પણ બહુ દૂર પહોંચી ન જાય એની સંભાળ લેવાની હતી.

ખતરીસો મારીને ખાતર પાડતો હોય અને ઘરમાંથી હળવેકથી ઈસ્કોતરો સરકાવી લે એમ ભોજાએ લૂગડે વીંટ્યા બાળકને ખાડામાંથી ઊંચકી લીધું.

પણ ઊંચકતાં જ એણે આશ્ચર્ય અનુભવ્યું. હાડમાંસનો એ નાનકડો નિશ્ચેષ્ટ લોચો સહેજ સળવળ્યો. કૂણા હાથ જેવી કશીક વસ્તુ અંદર ઊંચીનીચી થતી લાગી.

ભોજા જેવો ભડ આદમી પણ ભડકી ઊઠ્યો. મરેલ છોકરાંઓને દાટવાના આ ટેકરામાંથી જીવતું બાળક ક્યાંથી નીકળ્યું? આ કોઈ ખવીસની રમત તો નહિ હોય? પણ અત્યારે એવી કલ્પનાઓ કરવાનોય અવકાશ ક્યાં હતો ? હાથમાં વધારે ને વધારે

ઝડપથી સળવળતું આ બાળક હવે રડવા માંડે અને પોતાની આ ઘોર-ખોદ પ્રવૃત્તિ જાહેર થઈ જાય એ પહેલાં આ સ્થળ છોડી જવું જરૂરી હતું.

પણ કરવું શું? ચોરેલી વસ્તુ મૂળ સ્થાને ગોઠવી દેવી? સો ટકા સલામત માર્ગ તો એ જ હતો તો પછી આ ઘોર ખોદવાનો મૂળ ઉદ્દેશ માર્યો જ જાય. અંગ-ઢાંકણ કપડાનું શું?

'લૂગડું ઉતારીને, છોકરું પાછું હતું એમ ધરબી દઉં...?' આ વિચાર, આવતાં તો આવી ગયો, પણ એની ભયંકરતાથી ભોજો પોતે ધ્રૂજી ઊઠ્યો. 'મારે કેટલા ભવ કાઢવા છે તી આવી બાળહત્યાનું પાતક માથે લઉં...!'

હીરણની ઉપરવાસની ભીમપાટ ઉપર ટાઢમાં ઠૂંઠવાતાં શિયાળિયાંની લાળી સંભળાઈ. ગામ તરફથી કોઈનો ખોંખારો પણ કાને પડ્યો. હવે આ ખોદેલી ઘોર ઉપર વધારે સમય ઊભા રહેવું સલામત નહોતું.

કશો પણ વિચાર કરવા રોકાયા વિના ભોજો બાળકને લઈને સડસડાટ ટેકરો ઊતરી ગયો અને કૂબામાં આવી ઊભો.

ઓરડો ઓઢનાર આઈની જેમ કૂબો ઓઢીને જ પડી રહેતી જીવલી આજે મળનાર ખાપણિયા કપડાની આશામાં જાગતી જ બેઠી હતી અને એક તાપણાના તાપે ટાઢ ઉડાડી રહી હતી પણ ભોજાએ જ્યારે કપડાં ઉપરાંત એક જીવતાજાગતા બાળકને પણ રજૂ કર્યું ત્યારે જીવલી ડઘાઈ ગઈ. ખીજડિયે ટેકરે અનેક જાતનાં ચળીતરો થતાં જીવલીએ જાણ્યાં હતાં અને જીરવ્યાં પણ હતાં. આજનો બનાવ કોઈ ચળીતર નહિ પણ પૂરેપૂરો વાસ્તવિક અકસ્માત જ છે એવી ખાતરી થતાં એણે વત્સલ માતા બની જઈ આ નવજાત બાળકને છાતીએ લીધું.

ટેકરાની પોચી માટીમટોડીનાં આવરણમાંનાં છિદ્રોમાંથી પ્રાણવાયુ પામીને પ્રાણ ટકાવી રહેલા બાળકને માતૃગોદની ઉષ્મા મળતાં એનો અવાજ પણ ઊઘડ્યો.

તે મધરાતે જ ભોજાએ પોસ્ટમાસ્તરની ડેલીની સાંકળ ખખડાવી.

પોતે કરવા ધારેલા ગુનાની સવિસ્તર કબૂલાત કર્યા પછી ભોજો છોભીલો બનીને પોસ્ટમાસ્તરની સમક્ષ ઊભો રહ્યો.

મૂઠ ભીડેલી આંગળીઓ મોંમાં નાખવા મથતા બાળક ભણી પોસ્ટમાસ્તર તેમજ પત્ની આનંદભેર જોઈ રહ્યાં હતાં.

હમણાં મને પોલીસને હવાલે કરી દેશે એવો ભય ભોજાને સતાવી રહ્યો હતો.

'હું તો તમને પહેલેથી જ કેતી'તી કે દાટવા જવાની ઉતાવળ કરો ના, દાકતરને તેડાવીને પાકી ખાતરી કરાવો; પણ તમે માન્યા નહિ...' પુત્રપ્રાપ્તિથી અરધીઅરધી થઈ જતાં પત્ની મીઠો ઠપકો આપવા લાગી.

'આપણા ભાગ્યમાં હતો તો પાછો આવી પુગ્યોને ?'' પોસ્ટમાસ્તરે કહ્યું અને પછી ભોજા તરફ ફરીને બોલ્યા : 'ભોજિયા, તને મનમાં આવે એ ઈનામ માગી લે.'

કશું પણ બોલવાના અત્યારે ભોજાને હામ કે હોશ રહ્યા નહોતા. એ માત્ર હાથ જોડી શક્યો. પોતે કરેલા ગુનાહિત કૃત્ય બદલ ક્ષમા માગતો હોય એવી રીતે.

'અમારે તો આ ઊતરતી અવસ્થાએ દીકરાના નામની દશ્ય દેવાઈ ગઈ'તી;' પોસ્ટમાસ્તરનાં પત્ની બોલતાં હતાં : 'છતે છોકરે વાંઝિયા જેવું થઈ પડ્યું'તું. તેં અમારું નામલેણું રાખ્યું. તારો તો જેટલો ગણ માનીએ એટલો ઓછો છે મારા વીર! અમારી ચામડીનાં પગરખાં સિવડાવીએ તોય તારા ગણનું સાટું વળે એમ નથી.'

'ઝટ ઈનામ માગી લે, ભોજા!' પોસ્ટમાસ્તરે ફરી કહ્યું.

'મોટા સા'બ, ઈનામ લેવા સારુ ટેકરે નો'તો ચડ્યો પણ બાયડીની આબરૂ ઢાંકવા લૂગડાનો લીરોય નથી જડતો; ને પહુ જેવાં નાનકડાં બચળાં આ હિમમાં હિજરાય છે; એકેકી જોડય લૂગડાં અપાવો તો મોટું ઈનામ જડ્યું ગણું...' ભોજાએ માગણી કરી.

'બસ? માગી માગીને આટલું જ માગ્યું?'

'માગું તમારી મોટાં માણહની મહેરબાની...'

'અબઘડીએ જ માધવજીની હાટ ઉઘડાવું.' પોસ્ટમાસ્તરે ઊભા થતાં કહ્યું અને પછી ખભે ડગલો ભરાવતાં બોલ્યા : 'એક શું, બબ્બે જોડ્ય લૂગડાં વેતરાવી લે...'

## શબ્દ-સમજૂતી

**પટ** નદીની પહોળાઈ, વિસ્તાર; **વગડો** વેરાન પ્રદેશ; **સાંઠી** કપાસ કે એરંડાની પાતળી સૂકી સોટી; **કૂબો** ઘુમ્મટવાળું ઘાસનું ઝૂંપડું; **ખાબકી** ઊંચેથી પડી તે, કૂદી પડવું, ધસી ગઈ; **વાયરો** પવન, વાયુ; **ડિલ** શરીર; **ટોયામણ** છોડને પાણી સીંચવું તે; **કડિયું/ચોરણી** શરીર પરનાં ગ્રામવિસ્તારમાં પહેરાતાં વસ્ત્રો; **થેપાડું** સારી જાતનું ધોતિયું; **મનઃચક્ષુ** આંતરદૃષ્ટિ; **ગજ** ચોવીસ તસુનું માપ, લંબાઈ; **લૂગડું** વસ્ત્ર; **ખતરીસો** ખાતરપાડુનું એક હથિયાર, ખાતરિયું; **પસાયતો** ગામનો ચોકિયાત, રક્ષક; **ગુનો** અપરાધ; **પૂંઠ** પીઠ; **ઢોરમાર** પશુને પડે તેવો સખત માર; **કોશ** લોખંડનું જમીન ખોદવાનું ઓજાર; **ગાંસડી** મોટી ગાંસડી, પોટલો, ભારો; **હાટ** દુકાન, બજાર; **દફન** મૃતદેહને જમીનમાં ખાડો ખોદી દાટવો તે; **અવસ્ત્ર** વસ્ત્ર વિનાનું; **કબર** મૃતદેહને જમીનમાં ખાડો ખોદી તેના પર કરેલું ચણતર; **ઈસ્કોતરો** જૂની લાકડાની પેટી; **ઘોર** બિહામણું; **ખાંપણ** મૃતદેહ પર વીંટાળવામાં આવતું વસ્ત્ર; **ચળીતર** ભૂત-પ્રેતના વર્તન જેવું, અજુગતું ચમત્કાર ભરેલું; **મૂઠ** મુઠ્ઠી; **હામ** હિંમત; **વાંઝિયા** સંતતિ ન હોય તેવાં; **ગણ** ગુણ (અહીં) ઉપકાર; **બાયડી** સ્ત્રી; **લીરો** વસ્ત્રનો ટુકડો; **બચળાં** બચ્ચાં; **હિજરાવું** ઝૂરવું, બળ્યા કરવું.

## રૂઢિપ્રયોગ

**હાથફેરો કરવો** ચોરી કરી બધી જ વસ્તુઓ લઈ જવી; **ખાતર પાડવું** ચોરી કરવી; **સોપો પડી જવો** શાંતિ છવાઈ જવી; **છોભીલું પડવું** શરમ, સંકોચ થવો.

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભોજાએ રહેઠાણમાં શું બનાવ્યું હતું?

(2) ભોજો કઈ વાતથી દુઃખી હતો?

(3) પસાયતો શા કારણે ભોજાને મારતો?

(4) ખીજડિયા ટેકરાનો લોકો શો ઉપયોગ કરતા?

**2. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો :**

(1) ભોજાએ રાત્રિએ શો નિર્ણય કર્યો? તેનું શું પરિણામ આવ્યું?

(2) પોસ્ટમાસ્તરના જીવનમાં શી ઘટના બની?

(3) ભોજો પોસ્ટમાસ્તરનો ઉપકારી શી રીતે બન્યો?

(4) પોસ્ટમાસ્તરની પત્નીએ પોસ્ટમાસ્તરને શો ઠપકો આપ્યો? તેનો પોસ્ટમાસ્તરે શો જવાબ વાળ્યો?

(5) ભોજાએ ઇનામમાં શી માગણી કરી? શા માટે?

**3. નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો :**

(1) 'ખીજડિયે ટેકરે' પાઠમાંની બનેલી ઘટનાનું વર્ણન કરો.

(2) 'ખીજડિયે ટેકરે' પાઠના શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) ટૂંક નોંધ લખો :

1. ભોજાની વાડાઉછેર પ્રવૃત્તિ

2. ભોજાએ કરેલું મનોમંથન

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ટૂંકી વાર્તાનાં સંપાદનો મેળવીને તેમાંની વાર્તાઓ વાંચો.
- ગામની આજુબાજુમાં રહેતા કૂબાવાસીઓની મુલાકાત લો.
- કવિ કરસનદાસ માણેકની ગઝલ 'મને એ જ સમજાતું નથી.....' તમારા શિક્ષક પાસેથી મેળવીને સમજો.

## ભાષા-અભિવ્યક્તિ

ગ્રામપરિવેશમાં ગરીબીથી સબડતા માનવીનું દયનીય આલેખન કરતી આ વાર્તામાં ખરાબ કાર્ય કરતા મજબૂર માણસમાં પણ હૃદયની કેટલી અમીરાત હોય એ વાત અહીં કલાત્મકરૂપે મુકાઈ છે. 'ટાઢ પડવી'ને બદલે 'ખાબકી' જેવી શબ્દપ્રયુક્તિ ગદ્યને પ્રભાવક પરિમાણ બક્ષે છે દા.ત., 'કાજળ ઘૂંટ્યું હોય એવી કાળીડિબાંગ રાતે એ કાજળ-રંગ જોડે', ઠંડીની અસર વીંછીની વેદના સાથે સરખાવી મૂકે છે. ભોજો ગરીબીમાં પત્ની માટે વસ્ત્ર ખરીદી શકે તેમ નથી. એ કંગાળ સ્થિતિમાં પોસ્ટમાસ્તર પુત્રપ્રાપ્તિના આનંદને ખોઈ શોકમગ્ન બને છે. અહીં બંને ચરિત્રમાં દુઃખ, વેદના અને દર્દનું દર્શન પ્રગટ થાય છે.

ભોજાના ચરિત્રને ઉઠાવ આપવા લેખક 'ભોજો તડબૂચોની વચ્ચે ચાડિયાની જેમ ઊભો હતો.' તો વાર્તામાં મડિયાની વર્ણનશક્તિ પણ સુપેરે પ્રગટે છે, જેમ કે, 'બાળકને ઠીકઠીક ઊંડાણમાં દાટી માથે મીઠું ભભરાવી ઉપર પૂર્વવત્ પથ્થરો અને ધૂળ વેરી સૌ રસ્તે પડ્યા' અહીં શાબ્દિક ચિત્ર ઊપસી આવે છે. લેખકની સંવાદછટા પણ પ્રગટે છે જેમ કે, ''જીવતું બાળક ત્યાંથી નીકળ્યું? આ કોઈ ખવીસની રમત તો નહિ હોય?'' તો પાત્ર મનોમંથનનું નિરૂપણ કલાત્મક રીતે આલેખન પામ્યું છે. ''લૂગડું ઉતારીને છોકરું પાછું હતું એમ ધરબી દઉં ? આ વિચાર આવતાં તો આવી ગયો, પણ એની ભયંકરતાથી ભોજો પોતે જ ધ્રૂજી ઊઠ્યો. 'મારે કેટલા ભવ કાઢવા છે તી આવી બાળહત્યાનું પાતક માથે લઉં...!'' ખૂબ ટૂંકા વાક્યમાં વ્યક્ત થતી ભાવાભિવ્યક્તિ નોંધો. 'ઝટ ઈનામ માગી લે, ભોજા' આમ, આ વાર્તા દ્વારા જીવનમૂલ્ય વ્યક્ત થાય છે.

'બસ? માગીમાગીને આટલું જ માગ્યું?'

'માગું તમારી મોટા માણહની મહેરબાની...'

આમ, વાર્તા લાક્ષણિક ઢબે કલાત્મક બની છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- ચોરલૂંટારાના હૃદયપરિવર્તનની વાર્તા વિદ્યાર્થીઓને કહો.
- નવલિકામાં આવતા તળપદા શબ્દોનો ચાર્ટ તૈયાર કરાવો.
- વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાતે લઈ જાઓ.

•